## અનુભાવ

સાતમાં અધ્યાય 'ભાવાધ્યાય'માં અનુભાવની પરિભાષા આપતાં ભરતમુનિ જણાવે છે કે-

'' અનુભાવ્યતેઅનેન વાઙ્ગસત્વકૃતોઽભિનય ઇતિ । ''

વાણી, અંગ અને સત્વથી થતો અભિનય એના વડે અનુભવાય છે, માટે એ અનુભાવ (ભુપેન્દ્ર ત્રિવેદી) અભિનયને તે વાણી, અંગ તથા સાત્વિક ભાવો ધ્વારા અનુભુતિ યોગ્ય બનાવે છે માટે તે અનુભાવ કહેવાય છે. (બાબુલાલ શુકલ શાસ્ત્રી)

પરંપરિત આર્યા ટાંકી ભરતમુનિ જણાવે છે કે -

''વાઙ્ અંગઅભિનયેનેહ યતસ્ત્વર્થોઽનુભાવ્યતે ।
શાખાંગોપાંગસંયુકત સત્વનુ ભાવસ્તત: સ્મૃત: ॥

અધ્યાય-૭ શ્લોક ૫

આમાં વાણી અને અંગોના અભિનયથી પ્રેક્ષકોને અર્થનું અનુભાવન કરાવાય છે તેથી તે અનુભાવ કહેવાય છે અને તે વાણી અને અંગઉપાંગોના હાવભાવ કે હલનચલનથી યુકત છે.

આલંબન વિભાવ પરત્વે આશ્રયમાં જે ભાવોની અભિવ્યકિત અભિનય ધ્વારા થાય છે તેનું ભાવન, સાક્ષાત્કરણ અથવા પ્રતીતિ અનુભાવો ધ્વારા થાય છે. આ અનુભાવ વાચિક, આંગિક અને સાત્વિક અભિનય અંતર્ગત થતી અનેક ચેષ્ટાઓ તથા વ્યાપાર માત્ર છે. અનુભાવનો આ પ્રચલિત અર્થ સ્વીકારીને ભરતમુનિએ અનુભાવની પરિભાષા આપી છે પરંતુ પછીના આચાર્યોએ અનુભાવનો વ્યુત્પત્તિજન્ય અર્થ સ્વીકાર્યો છે અર્થાત જે ભાવોની પશ્ચાત ઉદ્ભવે છે તે અનુભાવ છે. અનુ, પશ્ચાદ્ ભાવો યસ્ય સો અનુભાવ: । ભરતમુનિએ સ્વીકારેલા પ્રચલિત અર્થ પ્રમાણે અનુભાવ કારણરુપ હોય છે અને અન્ય આચાર્યોએ સ્વીકારેલા વ્યુત્પત્તિલભ્ય અર્થ પ્રમાણે અનુભાવો કાર્યરુપ હોય છે.

અભિનવગુપ્તના કથન પ્રમાણે વાણી, અંગ તથા સત્વના અભિનયોથી અર્થાત્ ત્રિવિધ અભિનયભેદોના કારણે જે અર્થની અનુભાવના અથવા પ્રતીતિ કરાવવામાં આવે છે એવા વાણી, અંગ તથા ઉપાંગો ધ્વારા પ્રસ્તુત વાચિકાદિ અભિનયનું રુપ અનુભાવ હોય છે.

દશરુપક અનુસાર 'અનુભાવો વિકારસ્તુ ભાવસંસુચનાત્મક: ।'' અર્થાત આંતરિક ભાવોની સુચના જેનાથી મળે તેવા (ભ્રૂકટાક્ષ વિક્ષેપ આદિ) વિકારોને અનુભાવ કહે છે. સામાજિકોને સ્થાયી ભાવનો અનુભવ કરાવતાં રસને પરિપુષ્ટ કરે એવા ભ્રૂકટાક્ષ તથા વિક્ષેપ આદિ વ્યાપારોને અનુભાવ કહે છે. તે રસિકોનાં સાક્ષાત અનુભવકર્મ દ્વારા અનુભવી શકાય છે માટે તે અનુભાવ કહેવાય છે. રતિ આદિ સ્થાયી ભાવો પછી તેની ઉત્પત્તિ થાય છે માટે તેને અનુભાવ કહે છે.''હેતુકાર્યાત્મનો: સિધ્ધસ્તયો: સંવ્યવહારત: ।'' અર્થાત લૌકિક રસ પરત્વે વિભાવ હેતુ તથા અનુભાવ કાર્ય હોય છે. આ વાત વ્યવહારથી અવગત થાય છે.

ધનિકની ટીકા પ્રમાણે જેનાથી આંતરિક ભાવોની સુચના મળે છે એવા ભ્રૂકટાક્ષ આદિ વિકારોને અનુભાવ કહે છે. અનુભાવની આ પરિભાષા લૌકિક રસની દૃષ્ટિથી આપવામાં આવી છે. પણ કાવ્ય નાટકોના અલૌકિક રસો પરત્વે આ ભ્રૂકટાક્ષ આદિની કારણતા માત્રજ હોય છે. કહેવાનું તાત્પર્ય એ કે લોકમાં ભ્રૂકટાક્ષ વિક્ષેપ આદિજ અનુભાવ છે. નાટક આદિમાં અભિનય કરનારા નટ ઇત્યાદિના ભ્રૂકટાક્ષ આદિ વડે નાયક અને નાયિકા અન્તર્ગત થનારા અનુભાવનું અનુમાન કરવામાં આવે છે એટલે અલૌકિક રસની દૃષ્ટિએ ભ્રૂકટાક્ષ વિક્ષેપ આદિની કેવળ કારણતા છે. લોકમાં આવી વાત હોતી નથી. ત્યાં તો નાયક અને નાયિકા પ્રત્યક્ષ હોય છે એટલે અનુમાન કરવાનો કોઇ પ્રશ્નજ ઉભો થતો નથી.

નાટકલક્ષણરત્નકોષ અનુસાર વાચિક અથવા આંગિક અભિનય દ્વારા પ્રતિપાદ્ય અર્થને જે પછીથી સંવેદ્ય બનાવે છે તથા પોતાના સ્વરુપ, અંગ અને ઉપાંગોથી યુક્ત હોય છે તેને અનુભાવ સમજવા જોઇએ.

નાટ્યદર્પણ અનુસાર 'અનુ' અર્થાત્ લિંગના નિશ્ચય બાદ રસને ભાવિત અર્થાત બોધિત કરનારા હોવાથી કાર્યરુપ સ્તમ્ભ આદિ (રસના કાર્ય) અનુભાવ કહેવાય છે.

'સંગીતરત્નાકર'અનુભાવ અને અભિનયને સમાનાર્થી ગણી તેનું લક્ષણ આ રીતે નિરુપવામાં આવ્યું છે.

ભાવાનાં યાનિ કાર્યાણિ નાટયન્તે કુશલૈર્નટૈ: ।।
અનુભાવા હેતવસ્તે સ્વહેત્વનુભવે યત: ।
તે ભાવાનાભિમુખ્યેન નયન્તિ ગમયન્તિ હિ ।।
અતો અભિનય શબ્દેનાપ્યુચ્યન્તે કૃત્રિમા નટૈ: ।

અધ્યાય ૭ શ્લોક ૧૩૯૦/૧૩૯૧

ઉપરોકત શ્લોક ઉપરની કલ્લિનાથની કલાનિધિ ટીકા અનુસાર ભાવોના કાર્યો, કટાક્ષભૂજાક્ષેપ વિગેરે કુશળ નટો વડે અભિનીત થાય ત્યારે અનુભાવ કહેવાય છે કારણ કે નટ પોતાના સ્વાનુભવના બળે સ્થાયી, સંચારીના કાર્યરુપ લક્ષણો તેમાં રજુ કરે છે. ભાવોને અભિમુખતાથી લઇ જાય છે તેથી આ કૃત્રિમ એવા અનુભાવો અભિનય કહેવાય છે. કલ્લિનાથ કહે છે કે નટ, તે અનુભાવો વડે ભાવરુપ પદાર્થોની અભિમુખતાથી સામાજિકને અર્થનો બોધ કરાવે છે. અહીં નટ કૃત્રિમ અનુકરણરુપ કાર્ય વડે, આમ તો આરોપિત છતાં જાણે આજ ક્ષણે બનતું હોય એવા રીતે પ્રત્યાયન સાધે છે તેથી તે અભિનય શબ્દ વડે પણ ઓળખાય છે. અનુકાર્યનિષ્ઠત્વથી અનુભાવનો વ્યપદેશ થાય છે. કટાક્ષ વિગેરે અનુભાવોજ અનુકર્તુનિષ્ઠાત્વને કારણે અભિનય કહેવાય છે. પ્રસ્તુત શ્લોક ઉપરની સિંહભૂપાલની 'સુધાકર' ટીકા અનુસાર સ્થાયી અને સંચારી ભાવોના જે કટાક્ષ આદિ કાર્યો કુશળ નટો વડે અભિનીત થાય તે અનુભાવ કહેવાય છે.

'કાવ્યાનુશાસન'માં અનુભાવનું લક્ષણ નિરુપતાં હેમચંદ્રાચાર્ય જણાવે છે કે 'સ્થાયી વ્યભિચારિલક્ષણં ચિત્તવૃત્તિવિશેષં સામાજિકજનો અનુભવન્નુભાવ્યતે સાક્ષાત્કાર્યતે યૈસ્તેરનુભાવે: કટાક્ષભૂજાક્ષેપાદિભિ: ।'' (અધ્યાય ૨/૨૬) અર્થાત્ નટના કટાક્ષ ભૂજાક્ષેપ વિગેરે અનુભાવથી સ્થાયી અને વ્યભિચારી એવી વિશિષ્ટ ચિત્તવૃત્તિ પ્રેક્ષકોને અનુભવગમ્ય બને છે અને પ્રેક્ષકો અનુભાવો વડે તે ચિત્તવૃત્તિઓનો સાક્ષાત્કાર કરે છે.

'સાહિત્યદર્પણ' અનુસાર સીતા વિગેરે આલંબન તથા ચન્દ્રાદિ ઉદ્દીપન કારણથી રામાદિના હૃદયમાં ઉદ્દ્બુધ્ધ રતિ આદિને બહાર પ્રકાશિત કરનાર, લોકમાં જે રતિનું કાર્ય કહેવાય છે તે કાવ્ય અને નાટ્યમાં અનુભાવ કહેવાય છે. (૩/૧૩૨)

'ભાવપ્રકાશન' અનુસાર વિભાવ તથા અનુભાવ અનુક્રમે કારણ તથા કાર્ય કહેવાય છે. આ વિભાવાનુભાવ લૌકિક રસના કારણ તથા કાર્ય છે તથા લોક વ્યવહારમાં તેઓ પ્રત્યક્ષરુપે જોવા મળતાં હોવાથી વ્યવહારસિધ્ધ છે. (૧/૯૭)

ગુજરાતી ભાષામાં 'રસશાસ્ત્ર'ના કર્તા છોટાલાલ ભટ્ટ કહે છે રતિ. આદિ સ્થાયીભાવ જ્યારે નાયક કે નાયિકામાં કાર્યરુપે બહાર પ્રકાશે (એટલે ચેષ્ટારુપે જોવામાં આવે ) ત્યારે તેને કાવ્ય તથા નાટકમાં અનુભાવ એવું કહે છે.'' (રસશાસ્ત્ર:પૃ.૧૬૧)

શ્રી જયંતીન્દ્ર હ.દવેના કથન અનુસાર 'પાત્રો જે ભાવનો અનુભવ કરતાં હોય છે તેનું ગ્રહણ સામાજિકો, એ ભાવની જે અસર એમના પર થઇ હોય છે અથવા થઇ છે એમ એ અભિનય ધ્વારા દર્શાવે છે, તે પરથી, કરી શકે છે. અનુભાવ એટલે જે લક્ષણો કે ચિહ્નનો ધ્વારા ભાવની અભિવ્યક્તિ થાય છે તે શારીરિક હાવભાવ, ચેષ્ટા વિગેરે. નાટકમાં આ અનુભાવનું ઘણું મહત્વ છે. પાત્રના મનમાં શું ચાલી રહયું છે તેની સમજણ એનાથીજ પડી શકે છે. રોગ શો થયો છે તે વૈદ્ય એના ચિહ્નન symptoms પરથી પારખી શકે છે. તેમ આ અનુભાવ પણ એક રીતે મનોભાવનાં શારીરિક ચિહ્નનો છે. ભાવ એ પ્રત્યક્ષ રીતે ઇન્દ્રિયગમ્ય બનતો નથી, પણ એ સૂચક ચિહ્નનો વડે અનુમેય બને છે. 'મને ક્રોધ થયો છે' એમ કોઇ કહે અને મોટો અવાજ ન કાઢે, એનું મોઢું અને આંખ લાલ ન થઇ જાય, એનો શ્વાસોચ્છ્વાસ જોરમાં ન ચાલવા માંડે, એ આવું કંઇ જ ન કરે તો આપણે એને ક્રોધ થયો છે એમ કદાપિ ન માનીએ. એથી ઉલટું, કોઇ મોટ્ટે અવાજે ઘાંટો પાડે, આંખો કાઢે, એના મુખ પર રતાશ તરી આવે અને છતાંય એ કહે કે 'હું કંઇ ખીજવાયો નથી' તો આપણે કબુલ ન જ કરીએ. (વાઙ્.મયવિમર્શ પૃ.૪૫-૪૬)

શ્રી રામપ્રસાદ બક્ષીના કથન અનુસાર 'મનોભાવને પ્રકટ કરવા માટે માણસ કેટલીક ચેષ્ટાઓ સ્વચ્છાએ કરે છે: એ ચેષ્ટાઓ મનોભાવમાંથી જન્મી હોય છે અને મનોભાવને વ્યક્ત કરનારી હોય છે. ગુસ્સે થયેલો માણસ હાથ અફાળે, પગ પછાડે, બુમ મારે, ભવાં ચઢાવે, મહોટા ડોળા કાઢે, એવી અનેક ચેષ્ટાઓ કરે. આ ચેષ્ટાઓ ક્રોધના પરિણામભૂત હોય છે, અને ક્રોધને વ્યક્ત કરનારી હોય છે. રંગભૂમિ ઉપર ભૂમિકા ભજવતી નટે પોતાને

દાખવવાના મનોભાવને વ્યકત કરવા માટે એનો ઉપયોગ કરે છે. એનો ક્રોધ લૌકિક ક્રોધ જેવો સાચો ન હોય, એને ખરી રીતે ક્રોધ ચડયોજ ન હોય, પણ આવી ચેષ્ટાઓ વડે એ પોતાને ક્રોધ ચઢયો હોય એવો આભાસ ઉત્પન્ન કરે છે. અમુક મનોભાવને સુચવવા માટે નટ જે અભિનયો કરે છે તેને રસસિધ્ધાન્તની પરિભાષામાં અનુભાવો કહેવામાં આવે છે.લૌકિક વાસ્તવિક અનુભવમાં ચિત્તવૃત્તિના પરિણામરુપે અંગમાં અને વાણીમાં જે વિકાર થાય, એને વ્યકત કરનારી જે ચેષ્ટા કરવામાં આવે, એ ચેષ્ટા એ વિકાર વાસ્તવિક હોય છે પણ કાવ્યનાટકમાં નિરુપાતી એ ચેષ્ટા એ વિકાર એ અર્થમાં વાસ્તવિક હોતી નથી. આ ભેદ દર્શાવવા ખાતર સાહિત્યમાં અનુભાવ એવી વિશિષ્ટ પરિભાષા યોજવામાં આવી છે.''

(મનીષા નાટ્યરસ અંક)

શ્રી પ્રમોદકુમાર પટેલના કથન અનુસાર 'કૃતિમાં રજુ થતા પાત્રના સ્થાયિભાવને અનુષંગે તેના દેહમાં જે વિશેષ વિક્રિયાઓ પ્રત્યક્ષ થાય છે, તેને અનુભાવ કહે છે. અનુભાવ સંજ્ઞા સુચવે છે તેમ, મુળ (સ્થાયી) ભાવની પાછળ આવતો, મુળ ભાવના પરિણામરુપ એવો એ ભાવ છે. માનવીનો દેહ, તેનું મન અને પ્રાણ એ સર્વ સજીવ રીતે સંકળાયેલા છે. એટલે તેના મનમાં જાગી ઉઠતા સ્થાયીભાવોનાં દૈહિક લક્ષણો વારંવાર પ્રગટ થતાં હોય છે. વ્યકિતના અંતરમાં સ્નેહનો પ્રથમ ઉદય થયો, તો તેની દૃષ્ટિમાં લજ્જા ભાવ, ચહેરાની રકતતા, ઓષ્ઠનો કંપ જેવા સ્થૂળ લક્ષણો પ્રત્યક્ષ થવાના. ક્રોધનો અગ્નિ જો ભભૂકી ઉઠયો, તો ચહેરા પરના સ્નાયુઓ તંગ બની જાય, આંખો પહોળી થઇ જાય અને તેમાં લોહી ધસી આવે, અને વળી અંગેઅંગ રોષથી કંપી ઉઠે. શોકનો ભાવ જાગતાં વ્યકિતની આંખો સૂકી અને નિસ્તેજ બની જાય, તેના ચહેરા પર ઉદાસીની મ્લાન છાયા પ્રસરી જાય, તેનું અંગ શિથિલ બની જાય. આ રીતે દેહની વિક્રિયારુપે જન્મતાં સ્થૂળ લક્ષણો એ તેના ચિત્તમાં જન્મતા સ્થાયિભાવનુંજ 'કાર્ય' કે પરિણામ છે, અને એ કારણે એને અનુભાવ તરીકે ઓળખવામાં આવ્યા છે.''

(રસસિધ્ધાંત - એક પરિચય)

શ્રી જયંત કોઠારી અને શ્રી નટુભાઇ રાજપરા તેમના પુસ્તક 'ભારતીય કાવ્યસિધ્ધાન્ત

માં નોંધ છે તેમ જાગ્રત થયેલો ભાવ કેટલાક સ્વાભાવિક વિકારો કે ચેષ્ટાઓ ધ્વારા પ્રગટ થાય છે, જેમ કે રતિભાવ જાગતાં લલના કટાક્ષ કરે છે કે એના શરીરમાં કંપ જાગે છે. આ કટાક્ષ, કંપ વગેરેને અનુભાવો કહે છે. લૌકિક વ્યવહારમાં જેમ વિભાવોને ભાવ ઉદ્બુધ્ધ થવાનાં કારણો' કહે છે તેમ આ વિકારોને એના 'કાર્ય' કહે છે. કારણ કે, ભાવ, ઉદ્બુધ્ધ થવાથી આ પરિણામ આવે છે. પણ કાવ્ય નાટ્યમાં એ છે કે આ અનુભાવોથી પાત્રમાં જાગેલા ભાવનું આપણને જ્ઞાન થાય છે, એ ભાવ પ્રતીતિયોગ્ય બને છે અને વાસનાને લીધે એ આપણા અનુભવનો વિષય બને છે. આમ અનુભાવનનું સામર્થ્ય હોવાને કારણે આ વિકારોને અનુભાવો કહે છે. (ભારતીય કાવ્યસિધ્ધાન્ત)

ઉપરોક્ત વિવરણ ઉપરથી સ્પષ્ઠ થાય છે કે ભરતોત્તર કાળના આચાર્યોએ તેમજ આધુનિક રસમીમાંસકોએ અનુભાવની, તેની વ્યુત્પત્તિલભ્ય અર્થના આધારે પરિભાષા આપી છે અને અનુભાવને 'કાર્યરુપ' માન્યા છે પરંતું ભરતમુનિએ અનુભાવનો વ્યુત્પત્તિલભ્ય નહીં પણ પ્રચલિત અર્થ સ્વીકારી અનુભાવની વ્યાખ્યા આપી છે અને તેને 'કારણરુપ' માન્યા છે. આ વિશે વિગતવાર ચર્ચા ભરતમુનિની દૃષ્ટિએ'અનુભાવનું સ્વરુપ' શિર્ષક અંતર્ગત કરવામાં આવી છે.

## અનુભાવોનું વર્ગીકરણ

ભરતમુનિનું કથન છે કે ''અનુભાવ્યતેઅનેન વાઙ્અંગસત્વાભિનય ઇતિ અનુભાવ: ।'' આમ અનુભાવમાં એક અત્યન્ત વ્યાપક અભિનય પ્રક્રિયાનો સમાવેશ થયો છે જેમાં વાચિક, આંગિક, તથા સાત્વિક ત્રણે પ્રકારના અભિનય-ભેદો આવી જાય છે. એટલેજ ભરતોત્તર કાળના કેટલાક આચાર્યોએ સાત્વિક ભાવોનો અનુભાવ અંતર્ગત સમાવેશ કર્યો છે. નાટ્યદર્પણમાં સાત્વિક ભાવોને અનુભાવો તરીકેજ સ્વીકારવામાં આવ્યા છે. તેના માટે સાત્વિક ભાવો એવી સંજ્ઞા પ્રયોજવામાં આવી નથી.

આધુનિક રસમીમાંસકોમાંના ઘણાંખરાએ અનુભાવોમાં સાત્વિક ભાવોનો સમાવેશ કર્યો છે. તેમણે અન્ય અનુભાવોને સામાન્ય અથવા સાદા તથા સાત્વિક ભાવોને વિશિષ્ટ પ્રકારના અનુભાવો માન્યા છે.

શ્રી છોટાલાલ નરભેરામ ભટ્ટે અનુભાવો અને સાત્વિક ભાવોને ચેષ્ટારુપે એકજ માન્યા છે. શ્રી રામપ્રસાદ બક્ષી જણાવે છે કે ભાવના બે પ્રકારના પરિણામો છે અને એ બંને પરિણામો એ ભાવને વ્યકત કરનારાં બને છે, એક પ્રકારમાં આવે મનોભાવનાં સ્વયંભુ શારીરિક વિકારરુપ પરિણામો અર્થાત્ સાત્વિક ભાવ અને બીજા પ્રકારમાં આવે મનોભાવને વ્યકત કરવાની ઇચ્છાથી કરાતા આંગિક અને વાચિક અભિનયો એટલે કે અનુભાવો. અનુભાવમાત્મક અંગવિક્રિયા માણસ ધારે તો ભાવક્ષોભ ન હોય તો પણ કરી શકે. પણ સાત્વિક ભાવ ધાર્યા થઇ શકતા નથી. સાત્વિક ભાવો પણ અનુભાવોજ છે પણ એ સ્વયંભુ, ઇચ્છાવલંબી નહીં તેવા અનુભાવો છે અને અન્તર્ગત ભાવના ખરા સૂચક છે તેથી એની જુદા વર્ગમાં ગણના કરવામાં આવી છે.

શ્રી જયોતીન્દ્ર હ.દવે પણ કહે છે કે સાત્વિક ભાવો એ ભાવને કારણે ઉત્પન્ન થતી શારીરિક વિક્રિયા છે. બીજા બધા અનુભાવો તે તે ભાવનો અનુભવ કર્યા વગર પણ નટ દાખવી શકે પરંતુ આ સાત્વિક ભાવ માટે તો એને પાત્રગત ભાવ સાથે તલ્લીન થવુંજ પડે. નટના મનની પાત્રગત ભાવ સાથે તદાકાર સ્થિતિ થાય ત્યારેજ સાત્વિક ભાવ ઉત્પન્ન થાય. દા.ત. નટના મનમાં શોકનો ભાવ જાગ્રત ન થાય તો એને આંસું (અશ્રુ નામક સાત્વિક ભાવ) આવી ન શકે. શોકના ઇતર ચિહ્નો (અનુભાવો) એ મનથી ખરેખર દુ:ખી થયા વિના પણ દર્શાવી શકે. બધા અનુભાવ નટ ધારે ત્યારે દર્શાવી શકે છે. એ એને આધીન છે. પણ સાત્વિક ભાવ પાત્રગત ભાવ સાથે તન્મયતા સધાતાં આપોઆપ પ્રગટ થાય છે. અર્થાત્ બીજા અનુભાવો Voluntary reactions છે, નટને આધીન છે, ત્યારે સાત્વિક ભાવ unvoluntary reactions છે. નટને અધીન રહીને પણ સ્વયમેવ ઉત્પન્ન થનારા છે.

લગભગ આજ પ્રકારનો મત ડો.મનોહર કાલિયા હીન્દી પુસ્તક 'ભારતીય નાટ્ય સૌંદર્ય' માં પ્રગટ થયો છે. 'અભિનયત્વ પર અધિષ્ઠિત અનુભાવની પરિધિ વ્યાપક છે તેમાં સાત્વિક ભાવનો પણ સમાવેશ થઇ જાય છે, પરંતું તે પોતાની વિશિષ્ટ દેહાત્મક

PITH
5461-15

સ્વરુપનો તિરોભાવ નથી કરી શકતા કારણ કે તેની નિષ્પત્તિમાં નટના મનની સમાધિ ઠીક અત્યન્ત અનિવાર્ય પ્રક્રિયા છે. અનુભાવગત અન્ય અભિનય-ભેદો વાચિક તથા આંગિકના પ્રદર્શનમાં નટના મનની પુર્ણ સમાહિતિ અપેક્ષાકૃત એકાન્તિક અને અનિવાર્ય મહત્વ રાખતી નથી કારણ કે પ્રાય: તેના અભિનયના પ્રદર્શનમાં અભ્યાસ અને પ્રશિક્ષણમાત્ર પર્યાપ્ત છે.''

શ્રી જયંત કોઠારી અને નટુભાઇ રાજપરા નોંધે છે કે પાશ્ચાત્ય વિવેચકોએ પણ અનુભાવોના બે પ્રકારો માન્યા છે. એક તો એ કે જે બિલકુલ બાહય અને પ્રત્યક્ષ ક્રિયાઓ સાથે સંબંધ કરાવે છે જેમ કે ભાગવું, આંખો ફાડવી વિગેરે. આનો અભિનય સહેલાઇથી થઇ શકે. બીજા તે કે જે શરીરના અંદરના અવયવો સાથે સંબંધ રાખે છે - જેમ કે લોહીની ગ્રંથિઓના સંકોચાવાથી ચહેરો ફિક્કો પડી જવો, મોં સુકાઇ જવું વિગેરે. આ બધું પોતાની મેળેજ થાય છે, જેના ઉપર આપણું વિશેષ બળ નથી હોતું. આવા અનુભાવોનેજ જુદા પાડીને તેમને સાત્વિક ભાવોનું નામ આપવામાં આવ્યું છે. એટલે કે અન્ય અનુભાવો જ્યારે શરીરની ઇચ્છાધીન વિક્રિયાઓ છે ત્યારે સાત્વિક ભાવો એવી વિક્રિયાઓ છે જે આપણી ઇચ્છાને આધીન નથી. સાત્વિક ભાવોનો આ જાતના અર્થ નાટ્યના અભિયની દૃષ્ટિએ કરવામાં આવ્યો છે, એ સ્પષ્ટ છે, કેમ કે નટ બીજા અનુભાવોનો અભિનય તો, પાત્રગત ભાવ પોતે ન અનુભવતો હોય પણ કરી શકે પણ સાત્વિક ભાવનો અભિનય ત્યારેજ થાય જ્યારે નટ પાત્રગત ભાવ ખરેખર અનુભવે.

આમ મોટા ભાગના રસમીમાંસકોનું વલણ સાત્વિક ભાવોનો સમાવેશ અનુભાવો અંતર્ગત કરવાનું છે.

રસતરંગિણીકાર ભાનુદત્તે અનુભાવોના કાયિક, માનસિક, આહાર્ય તથા સાત્વિક એવા ભેદો ગણાવ્યા છે.'' સ અનુભાવ: કાયિક, માનસાહાર્ય સાત્વિક ભેદાચ્ચતુર્ધા ।''

શારદાતનય, શિંગભૂપાલ, તથા શ્રીમદ્ રુપગોસ્વામીએ અનુભાવોને મનગાત્રારમ્ભાનુભાવ, વાગારંભાનુભાવ તથા બુધ્ધયારમ્ભાનુ ભાવો નામ આપ્યા છે. શિંગભૂપાલે 'મન'ના સ્થાને 'ચિત્ત' કહેવું વધારે યોગ્ય માન્યું છે અને બાકીનાને યથાવત્ સ્વીકાર્યા છે. શ્રી મદ્ રુપગોસ્વામી અનુભાવોના ત્રણ અન્ય નામ અલંકાર, ઉદ્ભાવસ્વર તથા વાચિક આપ્યા છે.

## ભરતમુનિ ધ્વારા નિરુપિત અનુભાવો

ભરતમુનિએ પ્રત્યેક રસ, સ્થાવી ભાવ તથા વ્યભિચારી ભાવના અનુભાવો નિરુપ્યા છે જેનું વર્ગીકરણ આ પ્રમાણે કરી શકાય.

રસના અનુભાવો

| | રસ | આંગિક અનુભાવો | વાચિક અનુભાવો | સાત્વિક અનુભાવો | અન્ય અનુભાવો |
|---|---|---|---|---|---|
| ૧ (અ) | સંયોગ શૃંગાર | મુખાવલોકન, નયનચાતુર્ય, ભ્રુવિક્ષેપ, કટાક્ષસંચાર, લલિત મધુર અંગહાર, કાન્તા દૃષ્ટિ. | મધુર વાક્ય | રોમાંચ, સ્વેદ વેપથુ, સ્તંભ સ્વરભેદ | ગુણશ્રવણ |
| ૧(બ) | વિપ્રલંભ શૃંગાર | નિશ્વાસ, અશ્રુપાત ગાત્રશિથિલતા, નેત્રસંકોચ. | - | સ્તંભ, રોમાંચ અશ્રુ, પ્રલય | -- |
| ૨ | હાસ્ય | ઓષ્ઠકંપ, દૃષ્ટિવિકાસ, અશ્રુપાત, હસ્તપોડન, પાર્શ્વપોડન, મુખ વિકાસ. | - | રોમાંચ, અશ્રુ, સ્તંભ, વેપથુ, સ્વરભેદ | |
| ૩ | કરુણ | અશ્રુપાત, મુખનો શોષ, ગાત્રશૈથિલ્ય નિ:શ્વાસ, ભુમિપતન. | પરિદેવન | સ્તંભ, વેપથુ અશ્રુપાત, વૈવર્ણ્ય સ્વરભેદ, પ્રલય | સ્મૃતિલોપ |
| ૪ | રૌદ્ર | નેત્રની રતાશ, ભ્રૂકુટી દન્તોષ્ઠ પોડન, ગાલનું સ્ફુરણ, હાથ અફાળવા, મારવું, ફાડવું. | - | સ્તંભ, વેપથુ સ્વરભેદ, વૈવર્ણ્ય રોમાંચ | - |
| ૫ | વીર | દૃઢ સ્થિર અંગચેષ્ટા નેત્રવિસ્ફારણ, છાતી ફુલાવવી, વેગથી પરિક્રમણ, હસ્તાસ્ફાલન | - | રોમાંચ, વેપથુ સ્તંભ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | ભયાનક | ગાત્રનો કંપ, ગાત્રનો સંકોચ, મુખ, ઓષ્ઠ તાલુ, કંઠની શુષ્કતા, પલાયન, નેત્રવિકાસ, નેત્રમીલન. | -- | સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભેદ વૈપથુ, વૈવર્ણ્ય. | -- |
| ૭ | બીભત્સ | સર્વાંગસંકોચ, મુખ ઉપર અરુચિનો ભાવ, થુંકવું, નાક બંધ કરવું. | -- | રોમાંચ, વૈવર્ણ્ય સ્વરભેદ, સ્તંભ | અરુચિ |
| ૮ | અદ્‌ભુત | નયનવિસ્તાર, સ્તબ્ધ અને અનિમેષ દૃષ્ટિ, બાહુનું ભ્રમણ, અંગુલિભ્રમણ. | સાધુવાદ | -- | અહોભાવ |

ભરતમુનિએ આઠ રસના જે અનુભાવો નિરુપ્યા છે તેના વર્ગીકરણથી સ્પષ્ટ થાય છે કે ભરતમુનિએ તેની આંગિક અભિવ્યક્તિ ઉપર સવિશેષ ભાર મુકયો છે. વસ્તુનિષ્ઠ એવા રસના શારીરિક વિકારો - આંગિક તેમજ સાત્વિક - ઉપર જેટલો ભાર મુકવામાં આવ્યો છે તેટલો વાચિક અભિનય ઉપર ભાર મુકવામાં આવ્યો નથી. વાચિકની પુર્ણપણે ઉપેક્ષા કરવામાં આવી છે.

સ્થાયી ભાવોના અનુભાવો

| ક્રમ | સ્થાયીભાવ | આંગિક અનુભાવો | વાચિક અનુભાવો | સાત્વિક અનુભાવો | અન્ય અનુભાવો |
|---|---|---|---|---|---|
| ૧ | રતિ | સ્નિગ્ધા દૃષ્ટિ સ્મિતવદન, ભ્રુક્ષેપ, કટાક્ષપાત ઉપયુક્ત અંગચેષ્ટા. | મધુર કથન વાક્‌માધુર્ય | -- | સૌમ્યતા |
| ૨ | હાસ | હૃષ્ટા દૃષ્ટિ સ્મિત, હસિત અતિહસિત. | વિકૃત વચન | -- | -- |
| ૩ | શોક | અંગશૈથિલ્ય, ભૂમિ પતન, દીર્ઘ નિઃશ્વાસ દીના દૃષ્ટિ | વિલાપ | અશ્રુ, વૈવર્ણ્ય સ્વરભેદ | જડતા, ઉન્માદ મોહ, મરણ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | ક્રોધ | કુઘ્ધા દૃષ્ટિ વિકૃષ્ટનાસાપુટ, ઉદવૃત્તનયન, સન્દષ્ટ ઓષ્ઠ, પુટ ગણ્ડ સ્ફુરણ | -- | -- | -- |
| ૫ | ઉત્સાહ | ઉત્થાન, દપ્તા દૃષ્ટિ | -- | -- | સ્થૈર્ય, ધૈર્યધારણ વૈશારધ, પ્રમાદહીનતા |
| ૬ | ભય | ભયાન્વિતા દૃષ્ટિ પ્રકમ્પિત કર અને ચરણ, હૃદય કમ્પન, જિહવા પરિલેહન, ધાવન, ગાત્રકમ્પન વિસ્ફારિત નયન | વિલાપ | સ્તમ્ભ, મુખશોષ | ત્રાસ, પરિત્રાણ-અન્વેષણ, સંભ્રમ. |
| ૭ | જુગુપ્સા | જુગુપ્સિતા દૃષ્ટિ સર્વાંગ સંકોચ, નિષ્ઠીવન (થુંકવું તે) મુખ વિકુર્ણન-હૃલ્લેખ, નાસાપ્રચ્છાદન, ગાત્ર સંકોચન. | - | -- | ઉદ્વેગ |
| ૮ | વિસ્મય | વિસ્મિતા દૃષ્ટિ નયનવિસ્તાર, અનિમેષ પ્રેક્ષણ, ભ્રૂક્ષેપ,શિરઃકમ્પ | સાધુવાદ | રોમહર્ષણ | -- |

સ્થાયી ભાવોના વિવિધ અનુભાવો વર્ણવતી વેળા ભરતમુનિએ પારંપારિક આનુવંશ્ય આર્યાઓ ટાંકી શોક અંતર્ગત ત્રણ પ્રકારના રુદિત-રુદનના વિવિધ અનુભાવો, ક્રોધ, અંતર્ગત પાંચ પ્રકારના ક્રોધના વિવિધ અનુભાવો નિરુપ્યા છે જે આ પ્રમાણે છે.

| ક્રમ | સ્થાયીભાવ | આંગિક અનુભાવો | વાચિક અનુભાવો | સાત્વિક અનુભાવો | અન્ય અનુભાવો |
|---|---|---|---|---|---|
| ૧ | આનન્દજ રુદન | હર્ષોત્ફુલ્લકપોલ, નેત્રના પ્રાન્ત ભાગમાંથી આંસુ નીકળવા. | સ્મરણવાક્ય | અશ્રુ, રોમાંચ | -- |
| ૨ | આર્તિજ રુદન | અસ્વસ્થ ગાત્ર ગતિ તથા ચેષ્ટા ભૂમિનિપાત | વિલાપ | અવાજ સાથે આંસુ (સસ્વર અશ્રુ) | - |
| ૩ | ઈર્ષ્યાજન્ય રુદન | પ્રસ્ફુરિત ઓષ્ઠ તથા કપોલ, શિર:કમ્પ, નિ:શ્વાસ, ભ્રુકુટિ-કુટિલ, કટાક્ષપાત | -- | જોર જોરથી રડવું. | સ્ત્રી પાત્રો દ્વારા |
| ૪ | રિપુજ ક્રોધ | કુટિલ ભ્રુકુટિ ઉત્કટમુખ, ઓષ્ઠ સન્દષ્ટ, કરસ્પર્શ સ્વભુજ પ્રેક્ષણ | -- | -- | -- |
| ૫ | ગુરુજ ક્રોધ | મુખ અને દૃષ્ટિ થોડા ઝુકેલાં અવ્યક્ત ઉલ્લાસ (ઉર્દ્ધત) ચેષ્ટા | -- | સ્વેદ, અશ્રુ | |
| ૬ | પ્રણયિજન્ય ક્રોધ | ઉપાંગવિક્ષેપ ત્રાંસી આંખો, ઓષ્ઠ સંદષ્ટ/ સ્ફુરિત ઓષ્ઠ | -- | અશ્રુ | વિચારપુર્વક થોડું ચાલવું. |
| ૭ | ભૃત્યજક્રોધ | અક્ષિ વિસ્તાર-વિપ્રેક્ષણ | તાડન, ભર્ત્સના | -- | ક્રુરતારહિત |
| ૮ | કૃતક ક્રોધ | -- | -- | -- | આયાસલિંગસંયુક્ત-આયાનાં ચિહ્નોથી યુક્ત. |

## સંચારી ભાવોના અનુભાવો

| ક્રમ | સંચારીભાવ | આંગિક અનુભાવો | વાચિક અનુભાવો | સાત્વિક અનુભાવો | અન્ય અનુભાવો |
|---|---|---|---|---|---|
| ૧ | નિર્વેદ | અભિતપ્ના દૃષ્ટિ, નિ:શ્વાસ, ઉચ્છ્વાસ બાષ્પપરિપ્લુતનયન દીન મુખનેત્ર | રુદન, વિલાપ | -- | સંપ્રધારણ (નિશ્ચય કરવો તે) યોગીની જેમ ધ્યાનસ્થ |
| ૨ | ગ્લાની | ગ્લાના દૃષ્ટિ મન્દ નયન, કપોલ તથા ઉદર, મન્દ પદોત્ક્ષેપણ, તનુ ગાત્ર, મન્દ ભ્રમણ, કમ્પન, નેત્રવિકાર, દીન સંચરણ, અંગ શૈથિલ્ય, કાર્શ્ય | ક્ષામવાકય, અત્યંત ધીમો ઘાંટો | વૈવર્ણ્ય, સ્વરભેદ | અનુત્સાહ |
| ૩ | શંકા | શંકિતા દૃષ્ટિ વારંવાર અવલોકન અવગુણ્ઠન, શુષ્ક ઓષ્ઠ, શ્યામ ચહેરો, જીભ મોટીને આગળ આવેલો. અંગો કંપન યુકત નીચું મુખ કરીને પડખે જોયા કરવું. | કણ્ઠાવસાદસાધર્મ્યા અર્થાત બોલતાં શ્રમ પડવો | મુખ શોષ, મુખ વૈવર્ણ્ય સ્વરભેદ, વેપથુ | |
| ૪ | અસુયા | જિહ્મા દૃષ્ટિ કુંચિતા દૃષ્ટિ, ઇર્ષ્યા ભરી દૃષ્ટિ, અધોમુખ, ભ્રૂકુટીક્રિયા કુટિલભ્રૂકુટી, ઉત્કટ મુખ, ઇર્ષ્યા સહિત ક્રોધવાળી દૃષ્ટિ | સભામાં દોષોની ઉદ્‌ઘોષણા અને | -- | ઇર્ષ્યા, અવજ્ઞા, નિન્દા, ગુણનાશ, તીવ્ર દ્વેષ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | મદ | મદિરાક્ષ દૃષ્ટિ, સ્મિત વદન, હૃષ્ટતનું સુકુમાર અને આવીધ્ધ ગતિ (તરુણ મદ) સ્ખલિત ઘુર્ણિત નયન, ત્રસ્ત વ્યાકુલિત બાહુ વિક્ષેપ, કુટીલ વ્યાવિધ્ધ ગતી, (મધ્યમ મદ) હતગતિ, હિક્કા, કફ વડે બીભત્સ દેખાવ, મોટી અને આગળ આવતી જીભ (અધમ મદ) | મધુરરાગ, કિંચિત આકુલિત વાક્ય | -- | સ્મૃતિનષ્ટ (અધમ મદ) |
| ૬ | શ્રમ | ગાત્ર પરિમર્દન તથા સૌત્કાર સંવાહન, નિઃશ્વાસ બગાસાં ખાવાં, મન્દ પદોત્ક્ષેપણ, નયન-વદન વિકુણન, ખેદયુક્ત ગમન. | | - | - |
| ૭ | આલસ્ય | સુઇ જવું, નિદ્રા તથા તંદ્રાનું સેવન, જિહ્મા દૃષ્ટિ | -- | - | કોઇપણ કામમાં રુચિતા ન લેવો, તંદ્રા આહારપરિત્યા આવશ્યક કાર્યોનો આરંભ ન કરવો. |
| ૮ | દૈન્ય | શિરોરોગ, ગાત્ર ગૌરવ | -- | -- | ધૈર્ય ત્યાગ(અધૃતિ) અન્યમનસ્કતા શુધ્ધતાનો ત્યાગ |
| ૯ | ચિન્તા | શુન્યા દૃષ્ટિ, નિઃશ્વાસ,ઉચ્છ્વાસ, નીચું મુખ કરી વિચારવું, તનું કાર્શ્ય-કૃશ શરીર | -- | -- | સન્તાપ, ધ્યાનસ્થ, દૈન્યભાવ, હૃદય શુન્યતા, ધૈર્યહીનતા શુધ્ધતાનો ત્યાગ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | મોહ | નિશ્ચૈતન્ય, ભ્રમણ પતન, ઘુર્ણન, અદર્શન. | -- | -- | સર્વેન્દ્રિય સંમોહ |
| ૧૧ | સ્મૃતિ | શિર:કમ્પન, અવલોકન, સમુન્નત ભ્રૂં. વિતર્કિતા દૃષ્ટિ શિર ઉદ્વાહન અને કંપન, ભ્રૂક્ષેપ | -- | -- | -- |
| ૧૨ | ધૃતિ | - | -- | -- | સંપ્રાપ્ત સુખોનો ઉપભોગ, વિનષ્ટ સુખો પરત્વે અશોક ભય, શોક તથા વિષાદનો અભાવ. |
| ૧૩ | વ્રીડા | નિગૂઢવદન, અધોમુખ વિચિન્તન, વસ્ત્ર-અંગુલીયક, સ્પર્શન, ઉર્વીલેખન (જમીન ઉપર લખવું તે) નખનિકૃન્તન. | -- | -- | લજ્જાનો અનુભવ કરવો. |
| ૧૪ | ચપલતા | વધ, બંધન, પ્રહાર તાડન, વિપ્લુતા દૃષ્ટિ | વાકપારુષ્ય, કઠોર વેણ બોલવા, નિર્ભર્ત્સના ઠપકો આપવો. | -- | -- |
| ૧૫ | હર્ષ | નયન, વદન પ્રસાદ આલિંગન, લલિતા, દૃષ્ટિ લલિતાંગવિહાર | પ્રિય ભાષણ | રોમાંચ, અશ્રુ, સ્વેદ | -- |
| ૧૬ | આવેગ | વિભ્રાન્તા દૃષ્ટિ સર્વાંગસ્રસ્તતા, (ઉત્પાતજ)અવગુંઠન આક્ષિપ્તમર્દન, વસ્ત્ર સંગુંઠન, ત્વરિત | વિલાપ, ક્રન્દન (અપ્રિય શ્રવણજ) | મુખ વૈવર્ણ્ય ઉત્પાતજ) સ્તંભ વેપથુ (કુંજર) અશ્રુ, રોમાંચ (પ્રિય શ્રવણજ) | વૈમનસ્ય,વિષાદ, વિસ્મય(ઉત્પાતજ) ધુમાકુલતા, સંવેદ (અગ્નિજ) ભય, વિસ્મય, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ગમન (વાતજ) સર્વાંગસંપીડન, પ્રધાવન, છત્રાદિ, આશ્રય ગ્રહણ(વર્ષજ) વિધૂનન, અતિ કાન્તિ અપકાન્તા (અગ્નિજ) ત્વરિત અપસર્પણ ચપલ ગમન, પશ્ચાદ અવલોકન, (કુંજર)અભ્યુત્થાન, આલિંગન, વસ્ત્રાભરણ પ્રદાનતા (પ્રિય-શ્રવણજ) ઉચ્ચ પતન પરિવર્તિત - પરિધાવિત ચલન (અપ્રિય શ્રવણજ) સહસા ઉપક્રમણ શસ્ત્ર–ધર્મ–ધારણ વેપન, ગજ–તુરગ આરોહણ(શત્રુ વ્યસન) | | | (કુંજર)સંપ્રધારણ (શત્રુવ્યસન) |
| ૧૭ | જડતા | જિહ્વા દૃષ્ટિ અનિમેષ નિરીક્ષણ | --- | -- | પરવશતા, ઉત્તર ન સુઝવો(તુષ્ણીક:) |
| ૧૮ | ગર્વ | અંગ અવલોકન, દૃષ્ટિ અંગ વિચાલન વિકોશિતા દૃષ્ટિ | આધર્ષણ- રકઝક કરવી, અને ઉત્તર દાન, અસંભાષણ, ઉપહાસ, વાક્ય પારુષ્ય, અધિક્ષેપ વચન, વચન વિચ્છેદ | -- | અસૂયા, અવજ્ઞા વિભ્રમ, ગુરુવ્યતિક્રમણ |
| ૧૯ | વિષાદ | દીર્ઘ નિ:શ્વાસ (ઉત્તમ તથા મધ્યમ પ્રકૃતિના પાત્રો દ્વારા)વિપરિધાવન, અવલોકન, સૃક્ક પરિલેહન, નિ:શ્વાસ (અધમ પ્રકૃતિના પાત્રો દ્વારા) | -- | મુખશોષ | સહ અન્વેષણ, ઉપાય ચિન્તન, ઉત્સાહ વિઘાત વૈમનસ્ય(ઉત્તમ તથા મધ્યમ પ્રકૃતિના પાત્રો દ્વારા) નિદ્રા,ધ્યાન(અધમ પ્રકૃતિના પાત્રો દ્વારા) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | ઔત્સુક્ય | દીર્ઘ નિઃશ્વાસ<br>અધોમુખ ચિન્તન<br>ગાત્ર ગુરુત્વ | -- | -- | નિન્દ્રાગ્ર તન્દ્રા, શયન<br>અભિલાષા, ચિન્તા |
| ૨૧ | નિદ્રા | વદન ગૌરવ<br>(ઉંઘરાટો ચહેરો)<br>શરીરાવલોકન, નેત્ર<br>ઘૂર્ણન, આળસ<br>મરડવી, ઉચ્છ્વાસ<br>સન્ન ગાત્ર, અક્ષિ<br>નિમીલન, ગાત્ર<br>પરિલોકન, નયન<br>મીલન, ગાત્ર<br>વિમર્દન, મુકુલાદૃષ્ટિ | -- | -- | --<br>જડતા |
| ૨૨ | અપસ્માર | કમ્પન, નિઃશ્વાસ<br>ધાવન, પતન,<br>વદન-ફેન, જિહવા<br>પરિલેહન, સહસા<br>ભૂમિ પતન, પ્રવેપન,<br>નિઃસંજ્ઞા ઉત્થાન | -- | સ્વેદ, સ્તમ્ભ | -- |
| ૨૩ | સુપ્ત | મુકુલા દૃષ્ટિ<br>ઉચ્છ્વાસ, સન્ન<br>ગાત્ર, અક્ષિમીલન | સ્વપ્નાયિત જલ્પિત<br>અર્થાત ઉંઘમાં<br>બબડવું તે. | -- | સર્વેન્દ્રિય સંમોહન |
| ૨૪ | વિબોધ | બગાસું ખાવું, અક્ષિ<br>પરિમર્દન, શયન-<br>મોક્ષ, વદન-<br>પરિમર્દન | -- | -- | -- |
| ૨૫ | અમર્ષ | અધોમુખ વિચિન્તન<br>શિરઃપ્રકમ્પ | -- | સ્વેદ | ઉત્સાહ,<br>અધ્યવસાય |
| ૨૬ | અવહિત્થ | અવલોકન | અન્યથા કથન,<br>કથા ભંગ જવાબ<br>આપતી વેળા<br>વધારે બોલવું<br>નહીં. | -- | કૃતક ધૈર્ય કાર્ય<br>પ્રતિ લાપરવાહી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭ | ઉગ્રતા | વધ, બન્ધન, તાડન | નિભર્ત્સના | -- | -- |
| ૨૮ | મતિ | - | શિષ્યોપદેશ, અર્થાવબોધ, અર્થવિકલ્પન, સંશયચ્છેદ | | |
| ૨૯ | વ્યાધિ | સર્વાંગકમ્પન તથા નિકુંજન, અનુવલન, નાસાવિકુણન (શીતજ્વરમાં) વસ્ત્રો ફેંકવા, હાથ પગ પછાડવા ચન્દન લેપન, (પિત્ત જ્વરમાં) મુખવિકુણન, ત્રસ્ત અક્ષિ, નિઃશ્વાસ, કમ્પન (અન્ય વ્યાધિ) ગાત્રવિક્ષેપ | વિલાપ(શીતજ્વરમાં)વિલાપ, ઉત્ક્રોશ (પિત્તજ્વરમાં) ચીત્કાર કરવો, વિલાપ કરવો (અન્ય વ્યાધિ) | રોમાંચ, મુખ શોષ (શીતજ્વરમાં) ગાત્રસ્તંભ | અગ્નિ-અભિલાષ, (શીત જ્વરમાં) ભૂમિ પર સુવાની ઇચ્છા, શીતવસ્તુની અભિલાષા (પિત્તજ્વરમાં) |
| ૩૦ | ઉન્માદ | અકારણ હસવું, નીચે સૂઇ જવું, બેસી પડવું, ઉઠીને દોડવા માંડવું, નાચવું, ઢંગધડા વગરના ચાળા કરવા | અકારણ રડવું ગાળો આપવી, અસંબધ્ધ પ્રલાપ, ગાવું, પઠન કરવું. | - | ઘાસ, નિર્માલ્ય, ગંદા કપડાં, ચીથરાં ઘડાનો ઠાંઠલો શકોરું વિ. વેશભુષા, (આહાર્ય અભિનય) |
| ૩૧ | મરણ | ગાત્રોની શિથિલતા અતિ અલ્પ અંગચેષ્ટા આંખો મીંચાવી, શ્વાસ ઉપડવો (વ્યાધિજ મરણ) એકાએક જમીન ઉપર પડી જવું, ધ્રુજવું, ફરકવું, (અભિઘાતક મરણ) કૃશતા, ધ્રુજારી, | ડચકિયાં, ન સમજાય તેવો શબ્દોચ્ચાર કરવો (વ્યાધિજ મરણ) ડચકાં ખાવાં, (વિષજન્ય મરણ) | -- | કુટુંબીઓને ન ઓળખવા (વ્યાધિજ મરણ) જડતા, મૂર્છા (વિષજન્ય મરણ) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | અતિશય બળતરા, મોઢે ફીણ વળવું, ડોક નમાઇ જવી, (વિષજન્ય મરણ) | | | |
| ૩૨ | ત્રાસ | સંક્ષિપ્ત અંગ, કંપન અંગશૈથિલ્યપ્ર અક્ષિ નિમેષ | પ્રલાપ | વેપથુ, સ્તંભ, રોમાંચ, સ્વરભેદ | -- |
| ૩૩ | વિતર્ક | શિરોત્ક્ષેપ કંપન | વાદવિવાદ, વિચાર પ્રશ્ન તથા પરિભાષા ઓની સ્થાપના રહસ્ય મંત્રણાઓ | -- | સંપ્રધારણ |

સાત્વિક ભાવોના અનુભાવો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | સ્તંભ | બેભાનપણું, હલન ચલનનો અભાવ, સુનમુન થઇ જડની પેઠે ઉભા રહેવું, ગાત્રો ગળી ગયેલાં. | -- | પ્રલય | મૂર્છા, જડતા |
| ૨ | સ્વેદ | વીંજણો હાથમાં લઇ પરસેવો દુર કરવો. | -- | -- | પવનનો અભિલાષા રાખવી |
| ૩ | વિવર્ણ | નાડી દબાવી ચહેરાનો રંગ પલટાવી નાખવો | -- | -- | -- |
| ૪ | સ્વરભેદ | -- | ફાટો જતો તથા ગદ્ગદ થતો અવાજ | -- | -- |
| ૫ | રોમાંચ | વારંવાર કંટકિત થવું, ઉલ્લુકસન, પુલક તથા ગાત્ર સ્પર્શ | -- | -- | -- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | અશ્રુ | આંસુ ભરેલી આંખો, આંખો લુછવાની ક્રિયા, વારંવાર આંસુ સારવા | -- | -- | -- |
| ૭ | વેપથુ | ગાત્રકંપન, શરીરનો અંગો ધ્રુજવા, ફફરવા | -- | -- | -- |
| ૮ | પ્રલય | હાલવા ચાલવાનો અભાવ, શ્વાસની અસ્પષ્ટતા, જમીન ઉપર પડી જવું. | -- | -- | નિશ્ચેતન- |

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

ભરતમુનિએ વિવિધ નાટ્યભાવોના જે અનુભાવો નિરુપ્યા છે તેના ઉપરોકત વર્ગીકરણના આધારે કહી શકાય કે -

૧) આંગિક અનુભાવો ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

૨) સાત્વિક અનુભાવો પ્રમાણમાં ઓછા છે.

૩) વાચિક અનુભાવો નહિવત્ પ્રમાણમાં નિરુપાયા છે.

૪) એક માત્ર ઉન્માદ ભાવના નિરુપણમાં આહાર્યગત અનુભાવો વર્ણવાયા છે.

૫) બાહ્ય અનુભાવોમાં ન સમાવી શકાય તેવા આંતરિક અનુભાવો પણ છે જેને વ્યભિચારી ભાવોની યાદીમાં મુકી શકાય. અસુયા, નિન્દ્રા, વિષાદ, લજ્જા વિગેરે. ભય, શોક વિગેરે સ્થાયી ભાવોનો પણ અનુભાવરુપે ઉલ્લેખ છે. કદાચ અહીં એવું કહેવાનો આશય હોય કે સુચિત વ્યભિચારી અથવા સ્થાયી ભાવના અનુભાવો પણ આવરી લેવા જેમ કે અસુયાના અનુભાવો, શોકના અનુભાવો, ભયના અનુભાવો વિગેરે.

અનુભાવો સંબંધી વિવિધ પરિભાષાઓ તથા ભરતમુનિ નિરુપિત વિવિધ અનુભાવો તપાસ્યા પછી ભરતમુનિની દૃષ્ટિએ અનુભાવોનું સ્વરુપ આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

## ભરતમુનિની દૃષ્ટિએ અનુભાવનું સ્વરુપ

ભરતમુનિએ રસસુત્રમાં વિભાવ પછી તરતજ અનુભાવને સ્થાન આપ્યું છે. વિભાવની જેમ અનુભાવની પણ લક્ષણ મીમાંસા તેમણે કરી નથી કારણ કે તેમની દૃષ્ટિએ તો આ બંને નાટ્ય-તત્વો લોકપ્રસિધ્ધ છે અને બંને લોકસ્વભાવોપગત છે. છતાં પણ તેમણે જે રીતે વિભાવનું એક અત્યંત સ્થુળ તથા સામાન્ય સ્વરુપ દર્શાવ્યું છે લગભગ તેવીજ રીતે અનુભાવ સંબંધી વિચારણા પણ કરી છે. તેમની દૃષ્ટિએ તેનાથી વાક્, અંગ તથા સત્વકૃત અભિનય અનુભાવિત થાય છે માટે તે અનુભાવ કહેવાય છે. જે તત્વ અભિનયની પ્રતીતિ કરાવે તે અનુભાવ છે. અનુભાવમાં આહાર્યનો સમાવેશ ભરતમુનિએ કર્યો નથી તે અત્યંત સુચક છે. અભિનય શબ્દ અતિ વ્યાપક છે તે લગભગ નાટ્યનો પર્યાય છે પણ અનુભાવ શબ્દ એટલો વ્યાપક નથી. તેનું સ્વરુપ અભિનયાત્મક હોવાં છતાં નાટ્યગત સંપુર્ણ અભિનયને અનુભાવ કહી શકાય નહીં. તેની એક વિશિષ્ટ પરિધિ છે અને તે છે ભાવોની. નાટ્યમાં ભાવ અનુરુપ જે વાચિક, આંગિક તથા સાત્વિક હોય છે તેનોજ અનુભાવમાં સમાવેશ થાય છે. અન્ય અભિનય પ્રકારોને અનુભાવમા સમાવવા ઉચિત નથી. દા.ત. 'રતિ ભાવ'ના અભિનયમાં નાયક-નાયિકા જો વારંવાર સુંદર, સુંદર વસ્ત્ર બદલી બદલીને આવે તો એવા આહાર્ય અભિનયનો 'અનુભાવ'માં સમાવેશ થઇ શકે નહીં, પછી ભલે આવો વિશિષ્ટ વેશભુષાત્મક આહાર્ય અભિનય 'રતિ ભાવ' ના સંદર્ભમાં રજુ કરવામાં આવ્યો હોય ! અનુભાવોનું સામાન્ય સ્વરુપ અભિનયાત્મક છે પણ વ્યાપક અભિનય માત્ર અનુભાવ નથી. અનુભાવની સીમા રેખા બાંધી આપવા માટેજ ભરતમુનિએ તેમાં ત્રણ મુખ્ય આધાર-વાક્ , અંગ તથા સત્વનો વિશેષપણે ઉલ્લેખ કર્યો છે.

## નાટ્યભાવ અને અનુભાવ વચ્ચેનો સંબંધ

જે પ્રમાણે નાટ્યશાસ્ત્રોક્ત 'ભાવ' એકાંગીપણે અમુર્ત વાસનાત્મક, અનુભુત્યાત્મક અથવા મનોભાવનાત્મક માત્ર નથી, તેમાં રંગમંચીય ક્રિયાવ્યાપારનિષ્ઠતા પણ અભિપ્રેત હોય છે તેવી રીતે અનુભાવના સ્વરુપમાં પણ અભિનયનિષ્ઠતાને કારણે મુર્તતા દૃષ્ટિગોચર થાય છે.

નાટ્યનો પ્રત્યેક ભાવ રંગમંચ ઉપર વિભાવ અને અનુભાવોના આધારેજ ઉપસ્થિત કરી શકાય છે. આ બંને આધારભુત તત્વોની ગેરહાજરીમાં ભાવનું ક્રિયાવ્યાપારત્વ કોઇપણ પ્રકારે સંભવી શકતું નથી. નાટ્યના વિભાવ તત્વની આધારભુત ભુમિ પર અનુભાવાત્મક અભિનયની પ્રક્રિયા પ્રવર્તિત થાય છે. જેમાં વાક્, અંગ તથા સત્વકૃત અભિનય રજુ કરવામાં આવે છે. નાટ્યભાવ પણ અભિનયાધિષ્ઠિત હોય છે અને અનુભાવ પણ. પરંતુ વિભાવ અને અનુભાવ બંને મળીનેજ નાટ્યભાવોને રંગમંચીય અભિનયાત્મક પરિપુર્ણતા પ્રદાન કરે છે. કોઇપણ નાટ્યભાવ વિભાવ તથા અનુભાવ નિરપેક્ષ હોતો નથી. રંગમંચીય ભાવોના નિર્માણમાં વિભાવ ઉપકરણાત્મક સાધનાત્મક છે પણ અનુભાવ ગત્યાત્મક અથવા ક્રિયાવ્યાપારાત્મક છે. અને એટલેજ ભરતમુનિ નિરુપિત ભાવ અને અનુભાવની પરિભાષામાં સામ્ય જોવા મળે છે.

ભાવનું સ્વરુપ:" 'વાગંગસત્વોપેતાન્ કાવ્યાર્થાન્ ભાવયન્તીતિભાવા: । "

અનુભાવનું સ્વરુપ: " અનુભાવ્યતેઅનેન વાગંગસત્વકૃતોઅભિનય: । "

બંનેમાં વાક્, અંગ તથા સત્વ - આ ત્રણે તત્વો સમાન છે. નાટ્યભાવોના ક્રિયાવ્યાપારાત્મક સ્વરુપને અનુભાવો દ્વારા મુર્તતા પ્રાપ્ત થાયછે. અનુભાવ ન તો ભાવના પુર્વવર્તી છે ના પરવર્તી. એટલેજ ભટ્ટ લોલ્લટ જેવા આરંભના આચાર્યો કહે છે કે ભાવોની સાથે સાથેજ જે રંગમંચ ઉપર ઉપસ્થિત થાય છે તે અનુભાવ છે.

નાટ્યભાવો તથા અનુભાવો વચ્ચે સામ્ય છે તો વૈષમ્ય પણ છે. ભાવ તો વાક્ અંગ તથા સત્વથી સમન્વિત કાવ્યાર્થોને પોતાનામાં સમાવે છે જ્યારે અનુભાવ ઉપર્યુક્ત ત્રણે તત્વોથી સમ્બધ્ધ સ્થૂળ અભિનયમાત્ર છે. આમ ભાવનું ક્ષેત્ર સહજપણે વ્યાપક બની જાય છે અનુભાવનું સીમિત. ક્યારેક ક્યારેક તો ભાવોના ઉપસ્થાપનમાં માત્ર વિભાવથીજ કામ ચલાવવામાં આવે છે. દા.ત. હાસ્ય ભાવના ઉપસ્થાપનમાં ઘણી વાર આહાર્ય અભિનયજ પુરતો હોય છે. તેની સાથે ભલે કોઇ અનુભાવ જોડાયેલો ન હોય. કદાચ એટલા માટેજ ભરતમુનિએ અનુભાવગત ક્રિયાવ્યાપાર અથવા અભિનયના ક્ષેત્રની સીમારેખા આંકી છે. એનાથી બે લાભ સ્પષ્ટ છે એક તો અનુભાવનું સ્વરુપ સ્પષ્ટ થાય છે તથા નટોને માટે તદાનુરુપ તાલીમ આપવી સરળ થાય છે. શ્રી શંકુકે કદાચ એટલેજ સ્પષ્ટપણે જણાવ્યું છે કે અનુભાવ

તાલીમ વડેજ પ્રાપ્ત કરી શકાય છે. વિભાવનું સ્વરુપ તો કાવ્યવર્ણન ના આધારે પણ રંગમંચ ઉપર અનુકૃત કરી શકાય છે પણ અનુભાવોને રજુ કરવા માટે ગંભીર અભ્યાસની જરુર પડે છે. ભરતમુનિના નાટ્યશાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ્ય આ નાટ્યતત્વોની પ્રશિક્ષણાત્મક જાણકારી આપવાની છે. અનુભાવોનું મુળ સ્વરુપ-અભિનયાત્મક છે એટલે તેની તાલીમની પધ્ધતિ નાટ્યશાસ્ત્રમાં વિસ્તારપુર્વક વર્ણવવામાં આવી છે. વાચિક, આંગિક તથા સાત્વિક અભિનયોની પધ્ધતિઓને મુખ્યત્વે અનુભાવોમાં સમાવેશ કરવામાં આવ્યો છે એટલે આ ત્રણ પ્રકારના અભિનયભેદોનેજ વત્તાઓછા પ્રમાણમાં સમાવવામાં આવ્યા છે. આંગિક તથા સાત્વિક અભિનયમાં અન્તર્ભૂત વિષયોની શરીરાધિષ્ઠતા અસંદિગ્ધ છે. અંગ તથા સત્વ શબ્દો શરીર અથવા દેહના પર્યાયવાચી છે. અભિનયની તાલીમની સુગમતા માટેજ સંપુર્ણ માનવશરીરને શાખા, અંગ તથા ઉપાંગમાં વિભાજિત કરવામાં આવ્યું છે તથા પ્રત્યેક શરીરાવયવની મનોભાવનાઓને અનુરુપ અભિનયપધ્ધતિનું સુક્ષ્માતિસુક્ષ્મ નિરુપણ કરવામાં આવ્યું છે. આજ દૃષ્ટિકોણ સાત્વિકોના અભિનય સ્વરુપ વિવેચનમાં પણ અપનાવવામાં આવ્યો છે. વાસ્તવમાં સ્તંભ, સ્વેદ, અશ્રુ, રોમાંચ, વિગેરેની દેહાત્મક પ્રતિક્રિયા સંશયથી પર છે. આ પ્રમાણે અંગ તથા સત્વથી નિર્મિત સંપુર્ણ અભિનય પ્રપંચનો અનુભાવમાં સમાવેશ કરવાથી કોઇ સ્વરુપગત અડચણ ઉભી થતી નથી. નાટ્યાચાર્યો, નાટ્યશાસ્ત્રોકત વિધિ તથા 'લોકસ્વભાવ'ના આધારે નટોને તેની તાલીમ સહેલાઇથી આપી શકે છે. વાચિક અભિનય અંતર્ગત ભરતમુનિએ છન્દ, વૃત્ત, લક્ષણ, કાવ્યદોષ, કાવ્યગુણ, અલંકાર, ભાષાવિધાન, કાકુસ્વર, દશરુપવિધાન, સન્ધિ, ઇતિવૃત્ત, વિગેરેનો સમાવેશ કર્યો છે. છન્દથી માંડી ઇતિવૃત્ત સુધીના તમામ વિષયો કોઇને કોઇ પ્રકારે 'શબ્દ' અથવા 'વાક' ઉપર આધારિત હોવાથી ભરતમુનિએ સ્થૂળરુપે વ્યાપક 'વાગભિનય' અંતર્ગત તેમનો સમાવેશ કર્યો છે પણ નટે નાટ્યશાસ્ત્રોકત 'પાઠ્યગુણોમાં' નિર્દિષ્ટ તત્વોના આધારે તેમાં 'અનુભાવત્વ'નો સંચાર કરવો પડે છે ત્યારેજ તે રંગમંચ ઉપર ક્રિયાવ્યાપારનિષ્ઠ સ્વરુપ પ્રાપ્ત કરી શકે છે અને એટલેજ ભરતમુનિએ 'અનુભાવ'ને વાગંગસત્વકૃત' અભિનયનો દ્યોતક માન્યો છે અને એજ રુપે પારિભાષિત કર્યો છે.